# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-03-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :FRIDAY** **National News**

**આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.**

*******************************************************

1) વિકસિત ભારતના નિર્માણના પ્રથમ પગલા તરીકે ગામડાઓના વિકાસની જરૂરિયાત પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો
2) આઇટી ક્ષેત્ર આગામી વર્ષમાં નિકાસને વધારવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે તેવી કેન્દ્રીય મંત્રી પિયુશ ગોયેલે આશા વ્યક્ત કરી
3) ગુવાહાટી, ડિબ્રુગઢ અને સિલચરમાં દુકાનો અને વ્યવસાયિક સંસ્થાઓને 24 કલાક ખુલ્લા રાખવા આસામ સરકારની મંજૂરી
4) યુક્રેન અને અમેરિકા વચ્ચે દુર્લભ ખનિજોના કરાર પર હસ્તાક્ષર થશે
5) ભારતની ટોચની મહિલા ડબલ્સ જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદે સ્વિસ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-BAVALIYALI DHAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણના પ્રથમ પગલા તરીકે ગામડાઓના વિકાસની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ગુજરાતના માલધારી સમાજ સાથે સંબંધિત બાવળીયાળી ધામના કાર્યક્રમ દરમિયાન વીડિયો સંદેશ દ્વારા પોતાના સંબોધનમાં, શ્રી મોદીએ સામૂહિક પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો હતો, લાલ કિલ્લા પરથી "સબકા પ્રયાસ" રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ છે તે અંગેના તેમના નિવેદનને તેમણે પુનરોચ્ચાર કર્યો હતો.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

તેમણે આધુનિકતા દ્વારા સમુદાયને સશક્ત બનાવવા માટે શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો. પ્રધાનમંત્રીએ સમાજના બાળકો, ખાસ કરીને પુત્રીઓને શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ બનવા અને સમાજમાં યોગદાન આપવા પણ અનુરોધ કર્યો હતો. તેમણે માલધારી સમુદાયના સેવા પ્રત્યેના સમર્પણ, પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને ગાય સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ પશુધન માટે સરકાર દ્વારા ચલાવાતા નિઃશુલ્ક રસીકરણ કાર્યક્રમ પર પ્રકાશ પાડ્યો હતો, માલધારી સમાજને તેમના પશુઓ માટે નિયમિત રસીકરણ કરવવાની અપીલ કરી હતી. તેમણે પશુપાલકો માટે કિસાન ક્રેડિટ કાર્ડની શરૂઆતનો પણ ઉલ્લેખ કર્યો.. જેનાથી તેઓ તેમના વ્યવસાયને વિસ્તૃત કરવા માટે ઓછા વ્યાજ દરે લોન મેળવી શકે છે. પ્રધાનમંત્રીએ સ્વદેશી પશુઓની જાતિઓને સાચવવાના મહત્વ પર ભાર મૂક્યો અને રાષ્ટ્રીય ગોકુલ મિશનને તેમના સંરક્ષણ અને વિકાસ માટે એક મુખ્ય પહેલ તરીકે પ્રકાશિત કર્યું. તેમણે લોકોને આ કાર્યક્રમોનો સંપૂર્ણ લાભ લેવા વિનંતી કરી.

. . . . . . . . . . . . . . . . . . .

# BJP WHIP

ભાજપે તેના લોકસભાના સાંસદોને નીચલા ગૃહમાં હાજર રહેવા માટે વ્હીપ જારી કર્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય બજેટના સંદર્ભમાં વિવિધ મંત્રાલયોની ગ્રાન્ટની માંગણીઓ ઉપર ગૃહ ગિલોટિનના અમલીકરણના કાર્યક્રમને પરિણામે આ વ્હીપ જારી કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GOYAL NASSCOM

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે 450 અબજ ડોલરના સેવાઓ નિકાસ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે સરકાર અને IT ક્ષેત્ર તરફથી સામૂહિક પ્રતિબદ્ધતાનું આહ્વાન કર્યું છે. નવી દિલ્હીમાં NASSCOM ગ્લોબલ કોન્ફ્લુઅન્સ 2025 ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા, મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે 2025-26 માં, ભારતની નિકાસમાં IT મોખરે રહેશે.

શ્રી ગોયલે ઉમેર્યું હતું કે આ વર્ષે નિકાસ 380 અબજ ડોલરથી 385 અબજ ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે. તેમણે આઇટી, પર્યટન, બિઝનેસ એકાઉન્ટિંગ અને નાણાકીય સેવાઓમાં એમએસએમઇના ઝડપી વિકાસ પર ભાર મૂકીને રોજગાર સર્જનની અપાર સંભાવના હોવાનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી ગોયલે દેશની પ્રતિભાનો વધુમાં વધુ ઉપયોગ કરીને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCCs) ને ભારતમાં આકર્ષવાની જરૂરિયાતને અનિવાર્ય આવશ્યકતા ગણાવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ASSAM - SHOPS

ગુવાહાટી, ડિબ્રુગઢ અને સિલચરમાં બધી દુકાનો અને વ્યવસાયિક સંસ્થાઓને 24 કલાક ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવશે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, રાજ્ય મંત્રીમંડળે રાજ્યના પાટનગર અને અન્ય બે મહત્વપૂર્ણ શહેરોમાં દારૂના આઉટલેટ્સ સિવાયની દુકાનો અને વ્યવસાયિક સંસ્થાઓને 24 કલાક કાર્યરત રાખવાની નીતિને મંજૂર કરી છે. તેમણે કહ્યું કે, અન્ય શહેરોમાં, બધી દુકાનો સવારે 2 વાગ્યા સુધી ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવશે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ મર્યાદા રાત્રે 11 વાગ્યા સુધી રહેશે. જોકે, કામદારો વધુમાં વધુ નવ કલાક કામ કરશે. 24 કલાકની કામગીરીને કારણે ત્રણ શિફ્ટમાં કામ શરૂ થતા રોજગારીમાં પણ વધારો થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GOVT-UPS

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીએ યુનિફાઇડ પેન્શન સ્કીમ UPSના સંચાલન માટે નિયમો સૂચિત કર્યા છે. આ વર્ષે જાન્યુઆરીમાં ભારત સરકાર દ્વારા NPS હેઠળ આવરી લેવામાં આવેલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે UPS સૂચનાને અનુસરે છે. આ નિયમો આવતા મહિનાની પહેલી તારીખથી અમલમાં આવશે. આ નિયમો કેન્દ્ર સરકારના કર્મચારીઓની ત્રણ શ્રેણીઓમાં આવરી લેવાશે.

પહેલી શ્રેણીમાં પહેલી એપ્રિલ, 2025 ના રોજ સેવામાં રહેલા કેન્દ્ર સરકારના કર્મચારીઓનો સમાવેશ થાય છે, જેઓ NPS હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જ્યારે બીજી શ્રેણીમાં પહેલી એપ્રિલ, 2025 ના રોજ અથવા તે પછી સેવામાં જોડાતા કેન્દ્ર સરકારની સેવાઓમાં નવા ભરતી કરનારાઓનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TELANGANA - EXAMINATION

તેલંગાણામાં, આજથી ધોરણ ૧૦ ની બોર્ડ પરીક્ષાઓ શરૂ થઇ રહી છે.. રાજ્યમાં બે હજાર 650 કેન્દ્રો પર લેવામાં આવનારી પરીક્ષાઓમાં 2.58 લાખ છોકરાઓ અને 2.5 લાખ છોકરીઓ સહિત 5 લાખ 9 હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપશે. પરીક્ષા ફરજો માટે 28 હજારથી વધુ નિરીક્ષકો અને 2 હજાર 650 મુખ્ય અધિક્ષકો અને વિભાગીય અધિકારીઓ નિયુક્ત કરવામાં આવ્યા છે. પરીક્ષાઓ આજથી દરરોજ સવારે સાડા નવ વાગ્યાથી શરૂ થશે અને આવતા મહિનાની ૪ તારીખ સુધી ચાલશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP- RARE EARTH MINERALS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ ટૂંક સમયમાં યુક્રેન સાથે દુર્લભ ખનિજોના કરાર પર હસ્તાક્ષર કરશે. ગઈકાલે વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારોને સંબોધતા, ટ્રમ્પે એ પણ ખુલાસો કર્યો કે તેમણે અમેરિકામાં મહત્વપૂર્ણ ખનિજોના ઉત્પાદનને વધારવા માટે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે.

શ્રી ટ્રમ્પે રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધવિરામનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ અઠવાડિયે યુદ્ધરત દેશોના નેતાઓ સાથેની તેમની વાતચીત પછી તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે શાંતિ કરાર માટેના તેમના પ્રયાસો યોગ્ય દિશામાં જઇ રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISRAEL-HAMAS CONFLICT

ઇઝરાયલે ગાઝામાં લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કર્યા પછી હમાસે તેલ અવીવ પર રોકેટમારો કર્યો છે, ઇઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ જણાવ્યું હતું કે એક રોકેટને તોડી પાડવામાં આવ્યું હતું, જ્યારે અન્ય બે નિર્જન વિસ્તારોમાં પડ્યા હતા. દરમિયાન, ગાઝાના હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે મધ્યરાત્રિથી ઇઝરાયલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 85 પેલેસ્ટિનિયન માર્યા ગયા છે.. મંગળવારથી શરૂ કરાયેલા ઇઝરાયેલી હુમલામાં અત્યાર સુધામં 500 થી વધુ લોકોના મોત થયાં છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે આ હુમલામાં ૧૩૩ લોકો ઇજાગ્રસ્ત થયા છે. ઇઝરાયલી સરકારનો દાવો છે કે હમાસે હજુ પણ 59 બંધકોને મુક્ત કર્યા નથી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IOC PRESIDENT

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) ના પ્રમુખ તરીકે ઝિમ્બાબ્વેના કર્સ્ટી કોવેન્ટ્રી ચૂંટાયા છે. તેઓ IOC ઇતિહાસમાં પ્રથમ મહિલા પ્રમુખ બન્યા છે. રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા કોવેન્ટ્રીને પ્રથમ રાઉન્ડમાં 49 મત મળ્યા, જે 97 મતોમાંથી બહુમતી માટે જરૂરી સંખ્યા હતી. કોવેન્ટ્રી નવમા IOC પ્રમુખ થોમસ બાચનું સ્થાન લેશે, જેમનો 12 વર્ષનો કાર્યકાળ 23 જૂન પછી સત્તાવાર રીતે સમાપ્ત થશે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના અધ્યક્ષ જય શાહે કર્સ્ટી કોવેન્ટ્રીને IOC ના પ્રથમ મહિલા પ્રમુખ બનવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BEDGMINTON

બેડમિન્ટનમાં, ભારતની ટોચની મહિલા ડબલ્સ જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદે આગેકૂચ જાળવી રાખી છે. સ્વિટ્ઝર્લૅન્ડના બાસેલ ખાતે જર્મનીની એમેલી લેહમેન અને સેલિન હબશ સામે સીધી ગેમમાં વિજય મેળવીને સ્વિસ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. ભારતીય જોડીએ 21-12 21-8 થી જીત મેળવી હતી. આજે સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે તેઓ હોંગકોંગ ચીનની આઠમી ક્રમાંકિત ટીમ યેંગ નગા ટિંગ અને યેંગ પુઇ લામ સામે ટકરાશે.

મેન્સ સિંગલ્સમાં શંકર સુબ્રમણ્યમે પણ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સુબ્રમણ્યમે બીજા નંબરના વિશ્વ ક્રમાંકિત ખેલાડી એવા ડેનમાર્કના એન્ડર્સ એન્ટોનસેન, ૧૮-૨૧, ૨૧-૧૨, ૨૧-૫ને હરાવ્યો હતો.. આજે ક્વાર્ટર ફાઇનલમાં તેનો મુકાબલો ફ્રાન્સના ક્રિસ્ટો પોપોવ સામે થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# આજનાં અખબારોનાં મુખ્ય સમાચારો રજૂ કરે છે પ્રવેશ અડિએચા

1) આજના અખબારમાં અલગ અલગ સમાચાર મુખ્યશીર્ષકમાં વાંચી શકાય છે. ગુજરાત સમાચાર લખે છે, વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટઃ ફિનલૅન્ડ આઠમા વર્ષે ટોચના ક્રમે, ટ્રમ્પના શાસનમાં અમેરિકનો દુઃખી...! અશાંત પાકિસ્તાન, યુક્રેન, પેલેસ્ટાઈન ભારત કરતાં વધુ ખુશ.
2) છત્તીસગઢમાં 30 નક્સલવાદી ઠાર મરાયા તે સમાચાર નવગુજરાત સમય, ફૂલછાબ અને સંદેશે મુખ્યશીર્ષકમાં લીધા છે.
3) રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે, મસ્ક કી ‘એક્સ’ ને સેન્સરશિપ કે ખિલાફ ભારત સરકાર પર દાયર કિયા મુકદમા. સંદેશ પહેલા પાને લખે છે, I.T. એક્ટ, સેન્સરશિપ મુદ્દે મસ્કની કંપની એક્સ દ્વારા કેન્દ્ર સામે કેસ કરાયો.
4) ગુજરાતના IPS અધિકારી રવિન્દ્ર પટેલના નિવાસ, વતનમાં સેબીના દરોડાના સમાચાર સંદેશ અને ગુજરાત સમાચારે પ્રકાશિત કર્યા છે.
5) ગુજરાત સમાચાર સ્થાનિક પાના પર લખે છે, એસ્મા છતાં અચોક્કસ મુદતની હડતાળ યથાવત્, ગાંધીનગરમાં કિલ્લેબંધીઃ પંચાયત હસ્તકના આરોગ્યકર્મીઓનો હલ્લાબોલ.
6) ફૂલછાબ છેલ્લા પાના પર લખે છે, 10 મેથી ચાર દિવસ ગુજરાતના ગૌરવ સાવજોની વસતિ ગણતરી.